# 11th Round of Foreign Office Consultations between India and Switzerland

## ભારત અને સ્વિત્ઝર્લેન્ડ વચ્ચે વિદેશ કચેરીનાં પરામર્શોનો 11મો રાઉન્ડ

02 ઓગસ્ટ, 2022

ભારત-સ્વિત્ઝર્લેન્ડ વિદેશ કચેરીનાં પરામર્શોનો 11મો રાઉન્ડ 02 ઓગસ્ટ 2022 નાં રોજ નવી દિલ્હીમાં યોજાયો હતો. આ પરામર્શોની સહ-અધ્યક્ષતા સચિવ (પશ્ચિમ) શ્રી સંજય વર્મા અને સ્વિસ ફેડરલ ડીપાર્ટમેન્ટ ઑફ ફોરેન અફેર્સ (FDFA) નાં રાજ્યનાં સચિવ શ્રીમતિ લિવિયા લ્યુ દ્વારા કરવામાં આવી હતી.

2. આ પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા હાથ ધરી હતી. તેઓએ તેઓની દીર્ઘકાલીન ગતિશિલ ભાગીદારીનો સંદર્ભ લીધો હતો અને તેને ભવિષ્યલક્ષી બનાવવા સંમત થયા હતા. બન્ને પક્ષોએ પ્રશંસા કરી હતી કે  વાર્ષિક દ્વિપક્ષીય વ્યાપાર 30 અબજ યુએસ ડોલર કરતા વધ્યો છે અને તેઓનાં વ્યાપારને વૈવિધ્યતાપૂર્ણ બનાવવાની અગત્યતા પર સંમત થયા હતા. ભારતમાં ઈજનેરી, સેવાઓ, ચોક્કસાઇ સાધનો, રસાયણો અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ક્ષેત્રોમાં 330 કરતા વધારે સ્વિસ કંપનીઓ હાજર છે જ્યારે સ્વિત્ઝર્લેન્ડમાં આઇટી, ફાર્માસ્યુટિકલ્સ અને મશિનરી જેવા ક્ષેત્રોમાં ભારતીય કંપનીઓ હાજર છે.

3. બન્ને પક્ષોએ ભારત-સ્વિત્ઝર્લેન્ડ દ્વિપક્ષીય રોકાણ સંધી અને આર્થિક ભાગીદારી સમજૂતિ (TEPA) પરની વાટાઘાટોમાં થયેલી પ્રગતિની નોંધ લીધી હતી અને તેઓને વહેલાસર પૂર્ણ કરવા માટેની જરૂરીયાત પર સંમત થયા હતા. નવીનીકરણ, ડિજિટલાઇઝેશન, પ્રવાસન, કૌશલ્ય વિકાસ, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ કલા અને સંસ્કૃતિમાં સહકાર વધારવા પર પણ ચર્ચાઓ યોજવામાં આવી હતી.

4. બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્રમાં સહકાર, ભારતની આગામી જી20 ની અધ્યક્ષતા અને યુક્રેનમાં પરિસ્થિતિ સહિત બહુપક્ષિય અને પ્રાંતિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોની પણ આપલે કરી હતી. બન્ને પક્ષો સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય બહુપક્ષીય મુદ્દાઓ પર નિયમિત પરામર્શો કરવા માટે પણ સંમત થયા હતા.

5. બન્ને પક્ષો સાંસ્કૃતિક અને લોકો વચ્ચેનાં સંબંધો વધારવા માટે સંમત થયા છે અને આગામી વર્ષે યોગ્ય રીતે દ્વિપક્ષીય રાજદ્વારી સંબંધોને યાદગાર બનાવવા રાહ જોઇ રહ્યા છે.

6. બન્ને પક્ષો દ્વિપક્ષીય સંબંધોમાં વેગ જાળવી રાખવા માટે ઉચ્ચ-સ્તરીય આદાનપ્રદાનો અને જોઇન્ટ ઈકોનોમિક કમિશન, રેલ્વે અને પર્યાવરણ અને આર્થિક સંવાદ પર સંયુક્ત જૂથો જેવી સંસ્થાકીય યંત્રણાઓની નિયમિત મીટિંગો ચાલું રાખવા સંમત થયા હતા.

7. આ વાર્તાલાપો મૈત્રીપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવ્યા હતા. બન્ને પક્ષો બર્ન, સ્વિત્ઝર્લેન્ડમાં પરસ્પર સાનુકૂળ તારીખ પર પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**02 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.